# India-Georgia Foreign Office Consultations

December 09, 2020

## ભારત-જ્યાર્જિયા વિદેશ કચેરીનાં પરામર્શો

ડીસેમ્બર 09, 2020

08 ડીસેમ્બર 2020 નાં રોજ વિડીયો-કોન્ફરન્સ મારફત ભારત અને જ્યાર્જિયા વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શો (FoC) નો પાંચમો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની અધિક સચિવ (યુરોપ અને કોવિડ-19) શ્રી દામ્મુ દેવીએ કરી હતી અને જ્યોર્જિયાનાં પક્ષની આગેવાની જ્યોર્જિયાનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી એલેક્ઝાંડર ખ્વતિસિયાશ્વિલિ દ્વારા કરવામાં આવી હતી.

આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ દ્વિપક્ષીય સહકારનાં વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી. રાજકીય, વ્યાપાર અને વાણિજ્ય, રાજદ્વારી, પ્રવાસન, શિક્ષણ અને સાંસ્કૃતિક બાબતો સંબંધીત ચર્ચાઓ કરવામાં આવી હતી. બન્ને પક્ષોએ પારસ્પરિક હિતની પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય બાબતો પર પણ દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું અને બહુપક્ષીય મંચો પર સહકાર વધારવા સંમત થયા હતા.

પારસ્પરિક રીતે સાનુકૂળ તારીખ પર ભૌતિક સ્વરૂપમાં આગામી પરામર્શો યોજવા સંમતિ થઇ હતી.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.